### ઓપરેશન સિંદુર ચાલુ છે, કોઇ પણ દુ:સાહસનો સખત જવાબ અપાશે: લશ્કરી વડા

# સરહદ પારના 8 આતંકી કેમ્પ રડારમાં

**ભારતીય** સેના ત્રાસવાદી કેમ્પો પર સતત નજર રખી રહી છે

**ચીન** સરહદે પરિસ્થિતિ સ્થિર, જો કે સતત તાકેદારી રાખવાની જરૂર

નવી દિલ્હી, તા. ૧૩: ઓપરેશન સિંદૂરને લઈને ભારતીય સેનાએ પાકિસ્તાનને ફરી એકવાર સખત ચેતવણી આપી છે. સેના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે સરહદ પાર હજુ પણ 8 આતંકી કેમ્પ સક્રિય છે, જેના પર ભારતીય સેનાની કડક નજર છે. તેમણે બેબાક શબ્દોમાં કહ્યું કે જો પાકિસ્તાન તરફથી ફરી કોઈ પણ પ્રકારની હરકત થશે, તો ભારત પોતાના ઈરાદાઓને અંજામ આપવામાં પાછળ નહીં હટે.

ભારતીય સેનાના વડ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ઓપરેશન સિંદૂર અંગે પાકિસ્તાનને ફરી એકવાર કડક ચેતવણી આપી છે. ઇન્ડિયન આર્મી ચીફે જણાવ્યું કે આ 8 આતંકી કેમ્પોમાંથી 6 કેમ્પ LoC ની પેલે પાર અને 2 કેમ્પ આંતરરાષ્ટ્રીય સરહદ (IB) ની પેલે પાર આવેલા છે. ગુપ્તચર માહિતી મુજબ, આ કેમ્પોમાં હજુ પણ આતંકવાદીઓની હાજરી અને તાલીમ ચાલુ છે. આ જ કારણસર ભારતીય સેના સતત તેમના પર દેખરેખ રાખી રહી છે. જનરલ દ્વિવેદીએ જણાવ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન જે ફોરવર્ડ મૂવમેન્ટ કરવામાં આવી હતી, તેને DGMO એગ્રીમેન્ટ હેઠળ તબક્કાવાર રીતે ઘટાડવામાં આવી હતી. મે મહિનાના અંત સુધીમાં આ પ્રક્રિયા પૂર્ણ કરવાની યોજના બનાવવામાં આવી હતી.

આ દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચે DGMO સ્તરે નિયમિત વાતચીત થતી રહી, જેથી કોઈ પણ પ્રકારની ગેરસમજ કે ખોટી માહિતી ન રહે. સેના પ્રમુખે પુનરોચ્ચાર કર્યો કે ઓપરેશન સિંદૂર હજુ પણ ચાલુ છે, તેથી ભારતીય સેનાના 'આંખ અને કાન' સંપૂર્ણપણે ખુલ્લા છે. તેમણે કહ્યું કે સેનાએ ભવિષ્યની તમામ સંભવિત કાર્યવાહીઓ માટે અગાઉથી જ આયોજન કરી રાખ્યું છે અને સ્થિતિ બગડતાની સાથે જ તાત્કાલિક એક્શન લેવામાં આવશે. પાકિસ્તાનના અણુ બ્લેક મેઇલની પણ ભારતે હવા કાઢી નાખી છે એમ લશ્કરી વડાએ જણાવ્યું હતું. લશ્કરી વડાએ પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે, ચીન સાથેની વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર સ્થિતિ સ્થિર છે, પરંતુ સતત તકેદારી રાખવાની જરૂર છે.

# ટ્રમ્પની નવી 'રમત' શરૂ




**વ્હાઇટ** હાઉસની બારીમાંથી પોતે ગ્રીનલેન્ડને જોઇ રહ્યા હોય તેવી તસવીર ટ્રમ્પે મૂકી

**વ્હાઇટ** હાઉસના સત્તાવાર ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ એડિટ કરેલો ફોટો મૂકવામાં આવ્યો

વૉશિંગ્ટન, તા. ૧૩: સોમવારે રાત્રે વ્હાઈટ હાઉસના સત્તાવાર ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક એડિટ કરેલી તસવીર અપલોડ કરવામાં આવી હતી.

અસલ તસવીરમાં અમેરિકી પ્રમુખ તેમના ભવિષ્યના બોલરૂમની બાંધકામ સાઈટ તરફ જોઈ રહ્યા હતા. જો કે, નવી તસવીરમાં બાંધકામના સ્થળને બદલે ગ્રીનલેન્ડનો નકશો મૂકવામાં આવ્યો છે અને તેની સાથે કેપ્શન લખ્યું છે, 'પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે'. આ પોસ્ટ ટ્રમ્પે એવો આગ્રહ રાખ્યાના થોડા કલાકો બાદ આવી હતી કે અમેરિકા 'કોઈપણ રીતે' આ પ્રદેશ પર પોતાનું નિયંત્રણ મેળવશે.

ટ્રમ્પે પુષ્ટિ કરી છે કે તેઓ ગ્રીનલેન્ડ સાથે સોદો કરવા માંગે છે, કારણ કે લશ્કરી માધ્યમો દ્વારા આર્કટિક ક્ષેત્ર પર કબજો મેળવવા કરતાં આ 'સરળ' રહેશે. તેમણે ચેતવણી પણ આપીaહતી કે જો અમેરિકા આ દિશામાં પગલાં નહીં ભરે, તો રશિયા અથવા ચીન તે કરી લેશે.

ત્યારબાદ તેમણે આ કબજા માટેની પોતાની માંગ પર મક્કમ રહેતા દાવો કર્યો હતો કે, ભલે તેનાથી નાટો (NATO) સાથેના સંબંધો વણસે અથવા આ સૈન્ય ગઠબંધન નારાજ થાય, પણ આ ટેકઓવર થઈને રહેશે.

### સાહેબ, આ જ કરડ્યો છે!

# ખિસ્સામાં સાપ લઈને હોસ્પિટલ પહોંચ્યો રિક્ષાચાલક



મથુરા (યુપી), તા. ૧૩ (પીટીઆઈ)

એક ઈ-રિક્ષા ચાલક મંગળવારે જિલ્લા હોસ્પિટલમાં તેના ખિસ્સામાં ૧.૫ ફૂટ લાંબો સાપ લઈને આવ્યો હતો, જે સાપ તેને કરડ્યો હતો. એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

આ ઘટનાનો એક કથિત વીડિયો સોશિયલ મીડિયા પર પણ સામે આવ્યો છે.

39 વર્ષીય સ્થાનિક રહેવાસી દીપકને સોમવારે સાપે કરડ્યો હતો અને તે ઝેર વિરોધી ઈન્જેક્શન માટે હોસ્પિટલમાં આવ્યો હતો.

વીડિયોમાં જ્યારે તેને કરડેલા સાપ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે તેના જેકેટના ખિસ્સામાંથી સાપ કાઢ્યો અને તેને પાછો મૂકી દીધો.

દર્દીએ કહ્યું કે તે લગભગ ૩૦ મિનિટ પહેલા હોસ્પિટલમાં આવ્યો હતો અને આરોપ લગાવ્યો કે હોસ્પિટલમાં કોઈ સુવિધાઓ નથી.

મુખ્ય તબીબી અધિક્ષક નીરજ અગ્રવાલે જણાવ્યું હતું કે, ''દર્દીને સાપને બહાર છોડી દેવાનું કહેવામાં આવ્યું હતું. કારણ કે, તે અન્ય દર્દીઓના જીવ જોખમમાં મૂકી રહ્યો હતો.

બાદમાં પોલીસને બોલાવવામાં આવી હતી, જેમણે સાપને બચાવ્યો હતો. જોકે, એવી શંકા છે કે આ સાપ દીપકનો જ હતો. એમ સીએમએસે ઉમેર્યું હતું.

# રશિયન ક્રૂડની આયાતમાં ભારત ત્રીજા ક્રમે ગયું

**રિલાયન્સ** અને સરકારી રિફાઇનરીઓએ કાચા ઓઇલની આયાતમાં મોટો કાપ મૂકતા આયાતમાં ઘટાડો થયો

**હવે** તુર્કી બીજા સ્થાને, પહેલા સ્થાને ચીન યથાવત

નવી દિલ્હી, તા. ૧૩: એક યુરોપિયન થિંક ટેન્ક દ્વારા મંગળવારે જણાવવામાં આવ્યું હતું કે, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને સરકારી રિફાઈનરીઓ દ્વારા કાચા તેલની આયાતમાં મોટો કાપ મૂકવામાં આવતા, ડિસેમ્બર 2025માં રશિયન અશ્મિભૂત ઈંધણના ખરીદદારોમાં ભારત ત્રીજા સ્થાને આવી ગયું છે.

સેન્ટર ફોર રિસર્ચ ઓન એનર્જી એન્ડ ક્લીન એર (CREA) ના જણાવ્યા અનુસાર, ડિસેમ્બરમાં ભારત દ્વારા રશિયન હાઈડ્રોકાર્બનની કુલ આયાત 2.3 અબજ યુરો રહી હતી, જે અગાઉના મહિનાના 3.3 અબજ યુરો કરતા ઓછી હતી. સંસ્થાએ જણાવ્યું કે, તુર્કીએ ભારતનું સ્થાન લઈને બીજા ક્રમનું સૌથી મોટું આયાતકાર બન્યું છે, જેણે ડિસેમ્બરમાં 2.6 અબજ યુરોના રશિયન હાઈડ્રોકાર્બનની ખરીદી કરી છે. ચીન રશિયાનું ટોચનું ખરીદદાર રહ્યું હતું, જે ટોચના પાંચ આયાતકારોમાંથી રશિયાની નિકાસ આવકમાં 48 ટકા (6 અબજ યુરો) હિસ્સો ધરાવે છે. CREA એ જણાવ્યું હતું કે, ભારત રશિયન અશ્મિભૂત ઈંધણનો ત્રીજો સૌથી મોટો ખરીદદાર હતો, જેણે ડિસેમ્બરમાં કુલ 2.3 અબજ યુરોના રશિયન હાઈડ્રોકાર્બનની આયાત કરી હતી.

ભારતની કુલ ખરીદીમાં કાચા તેલનો હિસ્સો 78 ટકા એટલે કે 1.8 અબજ યુરો હતો. બાકીની માસિક આયાતમાં કોલસો (424 મિલિયન યુરો) અને પેટ્રોલિયમ ઉત્પાદનો (82 મિલિયન યુરો) નો સમાવેશ થાય છે. નવેમ્બર મહિનામાં, ભારતે રશિયન કાચા તેલની ખરીદી પાછળ 2.6 અબજ યુરો ખર્ચ્યા હતા, જેનો ઉપયોગ રિફાઈનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણ બનાવવા માટે થાય છે. CREA એ ચોક્કસ આંકડા આપ્યા વિના જણાવ્યું હતું કે, ભારતની રશિયન ક્રૂડની આયાતમાં માસિક ધોરણે 29 ટકાનો તીવ્ર ઘટાડો નોંધાયો છે, જે પ્રાઈસ કેપ પોલિસીના અમલીકરણ પછીનું સૌથી ઓછું સ્તર છે. કુલ આયાતમાં મામૂલી વધારો થયો હોવા છતાં આ ઘટાડો જોવા મળ્યો છે. અહેવાલમાં ઉમેર્યું હતું કે, આ ઘટાડો મુખ્યત્વે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની જામનગર રિફાઈનરીને કારણે થયો હતો, જેણે ડિસેમ્બરમાં રશિયાથી થતી આયાતમાં અડધોઅડધ ઘટાડો કર્યો હતો.

# આ શખ્સને જીવતા જીવડાઓ ખાવાની ટેવ પડી ગઇ છે!



જીવતા જીવડાં ખાનારા એક શખ્સે કબૂલાત કરી છે કે જ્યારે તે જીવડાં ચાવે છે ત્યારે તેના ગળામાં જે ગલીપચી થાય છે તેનાથી તેને એક અલગ જ 'કિક' મળે છે.

કાર્લોસને આ જીવડાં ખાવાની લત લાગી ગઈ છે અને તેની આ વિચિત્ર આદતને કારણે લોકો તેનાથી દૂર રહેવા લાગ્યા છે. ડોક્ટરો દ્વારા સ્વાસ્થ્ય સંબંધી જોખમોની ચેતવણી આપવામાં આવી હોવા છતાં, તે શા માટે આ જીવડાં ખાવાનું છોડી શકતો નથી તે વિશે તેણે પહેલીવાર ખુલીને વાત કરી છે. 'માય સ્ટ્રેન્જ એડિક્શન'ના એક ખાસ પ્રિવ્યુ ક્લિપમાં વાત કરતા કાર્લોસે જણાવ્યું કે, મિલવર્મ્સ તેના મનપસંદ જીવડાંઓમાંથી એક છે કારણ કે તેનો સ્વાદ બટર પોપકોર્ન જેવો હોય છે.

તેણે ઉત્સાહપૂર્વક કહ્યું, 'તે ખરેખર અદભૂત છે. મારો મતલબ છે કે, તે નૂડલ્સ જેવા દેખાય છે. તે અન્ય જીવડાંઓની જેમ બહુ પ્રતિકાર કરતા નથી.' કાર્લોસે વધુમાં ઉમેર્યું કે તે જે અન્ય જીવડાંઓ ખાય છે તે ક્યારેક તેને કરડે પણ છે, પરંતુ તે તેને 'રમતનો એક ભાગ' ગણીને અવગણી દે છે.

# પેરિસના રસ્તાઓ પર ટ્રેક્ટરોનો રેલો



**ફ્રેન્ચ** ખેડૂતોનો સંસદ ઘેરાવ અને જોરદાર વિરોધ

પેરિસ, તા. 13 (એપી)

ઓછી આવક અને દક્ષિણ અમેરિકા સાથે ઈયુ ટ્રેડ ડીલનો વિરોધ કરવા માટે ફ્રેન્ચ ખેડૂતો મંગળવારે પથ્થરોવાળા પેરિસના રસ્તાઓ પર લગભગ 350 ટ્રેક્ટર ચલાવીને સંસદ તરફ ગયા હતા, જેનાથી તેમને ડર છે કે તેનાથી તેમની રોજીરોટી છીનવાઈ જશે.

પોલીસ દ્વારા એસ્કોર્ટ કરાયેલા ટ્રેક્ટરોએ ચેમ્પ્સ-એલિસીસ અને પેરિસના અન્ય રસ્તાઓ પરથી પસાર થતાં ટ્રાફિકજામ થઈ ગયો હતો અને પછી સીન નદી પાર કરીને રાષ્ટ્રીય સભા સુધી પહોંચ્યા હતા.

ફ્રાન્સ અને અન્ય યુરોપિયન દેશોમાં ખેડૂતોનો ગુસ્સો અનેક પડકારોને કારણે વધ્યો છે. મંગળવારના વિરોધનું નેતૃત્વ કરી રહેલા યુનિયનો કહે છે કે, તેઓ ફ્રાન્સની ખાદ્ય સુરક્ષાને બચાવવા માટે નક્કર અને તાત્કાલિક પગલાં લેવાની માંગ કરી રહ્યા છે.

ફ્રાન્સ સરકારના પ્રવક્તા મૌડ બ્રેગેને મંગળવારે ટીએફ1 ટેલિવિઝન પર જણાવ્યું હતું કે, સરકાર ખેડૂતોને મદદ કરવા માટે ટૂંક સમયમાં નવી જાહેરાતો કરશે.

રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન અને તેમની સરકાર ઈયુ-મર્કોસુર વેપાર કરારનો વિરોધ કરે છે, પરંતુ શનિવારે પેરાગ્વેમાં તેના પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, કારણ કે તેને મોટાભાગના અન્ય ઈયુ દેશોનો ટેકો છે.

# ઇસરોના PSLV રોકેટ અકસ્માતમાં એકમાત્ર સ્પેનિશ સેટેલાઇટ બચી ગયું

**પ્રોટોટાઇમ** રિ-એન્ટ્રી વેહીકલે સંદેશો મોકલ્યો, યોગ્ય ભ્રમણકક્ષામાં મૂકવાના પ્રયાસો ચાલુ છે





બેંગલુરુ, તા. 13 : ઈસરોના નિષ્ફળ ગયેલા PSLV-C62 મિશનના કાટમાળ વચ્ચે એક આશ્ચર્યજનક વળાંકમાં, સ્પેનિશ સ્ટાર્ટઅપ ઓર્બિટલ પેરાડાઈમે ખુલાસો કર્યો છે કે તેનું 'કેસ્ટ્રેલ ઈનિશિયલ ડેમોન્સ્ટ્રેટર' (KID) કેપ્સ્યુલ અદભૂત રીતે બચી ગયું છે. કંપનીએ જણાવ્યું હતું કે આ સેટેલાઇટ રોકેટથી અલગ થવાની પ્રક્રિયા અને વાતાવરણમાં પુન:પ્રવેશની અત્યંત વિષમ પરિસ્થિતિઓ વચ્ચે ટકી રહ્યો હતો અને તેણે પૃથ્વી પર મહત્વપૂર્ણ ડેટા મોકલ્યો હતો.

12 જાન્યુઆરીએ સહ-પેસેન્જર તરીકે લોન્ચ કરાયેલ આ 25 કિલોનું ફૂટબોલ કદનું પ્રોટોટાઈપ, રોકેટના ત્રીજા તબક્કાની ખામી હોવા છતાં, જેણે મુખ્ય પેલોડ્સને નષ્ટ કરી દીધા હતા, તે તમામ અવરોધો સામે ચોથા તબક્કાથી અલગ થવામાં સફળ રહ્યું હતું.

ઓર્બિટલ પેરાડાઈમે X (ટ્વિટર) પર આ અપડેટ શેર કરતા જણાવ્યું કે: અમારું KID કેપ્સ્યુલ PSLV-C62 થી અલગ થયું, કાર્યરત થયું અને 3 મિનિટથી વધુ સમય સુધી ડેટા ટ્રાન્સમિટ કર્યો. અમે તેના માર્ગ નું પુન:નિર્માણ કરી રહ્યા છીએ. અમે અત્યંત ગરમી અને પીક g-લોડનો સામનો કરીને બચી ગયા છીએ. અમારી પાસે આંતરિક તાપમાનના આંકડા છે. સંપૂર્ણ રિપોર્ટ ટૂંક સમયમાં આવશે એમ તેણે જણાવ્યું હતું.

આ કેપ્સ્યુલ દક્ષિણ પેસિફિક મહાસાગરમાં સ્પ્લેશડાઉન માટેના પુન:પ્રવેશ પરીક્ષણ માટે તૈયાર કરવામાં આવ્યું હતું. તેણે એવા પ્રચંડ દબાણ અને તાપમાનનો સામનો કર્યો જે મોટાભાગના પ્રાયોગિક હાર્ડવેરના ટુકડા કરી નાખે છે. નિષ્ણાતો તેને એક આશાના કિરણ તરીકે જોઈ રહ્યા છે.

# ICUમાં પૂર જેવી સ્થિતિ

**જયપુરની** SMS હોસ્પિટલના જૂની પાઇપલાઇન લીક થતા આઈસીયુની અંદર લગભગ છ ઈંચ પાણી ભરાઇ જવાથી તબીબી ઉપકરણોને કારણે ઇલેક્ટ્રિક શોકનો ભય હતો

જયપુર, તા. 13 (પીટીઆઈ)

હસ્પિટલના એક અધિકારીએ મંગળવારે જણાવ્યું હતું કે, સરકારી સવાઈ માન સિંહ (એસએમએસ) હોસ્પિટલમાં એક પાઈપલાઈનમાંથી પાણી લીકેજ થવાથી વોર્ડમાં પાણી ભરાઈ ગયું હતું, જેના કારણે વેન્ટિલેટર સપોર્ટ પર રહેલા 10 દર્દીઓ સહિત 14 ગંભીર રીતે બીમાર દર્દીઓને આઈસીયુમાંથી બહાર કાઢી અન્ય જગ્યાએ શિફ્ટ કરાયા હતા.

હોસ્પિટલ સ્ટાફના જણાવ્યા અનુસાર, સોમવારે રાત્રે આઈસીયુમાં લગભગ છ ઈંચ પાણી ભરાઈ ગયું હતું. એસએમએસ હોસ્પિટલ ટ્રોમા સેન્ટરના ઈન્ચાર્જ ડૉ. બી.એલ. યાદવે જણાવ્યું હતું કે, અગાઉ જ્યાં આઈસીયુ હતું તે વિસ્તારમાં રૂમ અને શૌચાલય હતા અને બાંધકામ દરમિયાન જૂની પાણીની પાઈપલાઈનો દટાઈ ગઈ હતી. સમય જતાં પાઈપલાઈનોને કાટ લાગી ગયો હતો, જેના પરિણામે ગઈકાલે રાત્રે પાણી લીકેજ થયું હતું.

લીકેજને કારણે આઈસીયુમાં દાખલ 14 દર્દીઓને હોસ્પિટલના અન્ય ભાગોમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે 14માંથી 10 દર્દીઓ વેન્ટિલેટર સપોર્ટ પર હતા.

યાદવે ઉમેર્યું કે, ક્ષતિગ્રસ્ત પાઈપલાઈનોનું સમારકામ કરવામાં આવ્યું છે. હોસ્પિટલના સ્ટાફે જણાવ્યું હતું કે, આઈસીયુની અંદર લગભગ છ ઈંચ પાણી ભરાઈ ગયું હતું. તબીબી ઉપકરણોને કારણે ઈલેક્ટ્રિક શોકનો ભય હતો. મધ્ય પ્રદેશના ઈન્દોરમાં ગટર સાથે મિશ્રિત પાણી પીવાથી ઓછામાં ઓછા છ લોકોના મોત થયા હતા અને સેંકડો લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા તેના થોડા દિવસો પછી આ ઘટના બની છે.

### ચીની શાસક પક્ષનું પ્રતિનિધિમંડળ ભાજપ, આરએસએસના નેતાઓને મળ્યું

# ચીની ડેલિગેશનના ભારત પ્રવાસથી રાજકીય ગરમાવો

**આ મુલાકાતથી** ભારે વિવાદ, કોંગ્રેસે ભાજપ પર ચીન માટે લાલ જાજમ પાથરવાનો આક્ષેપ કર્યો

**વળતા** ફટકામાં ભાજપે કહ્યું કે અમે ખુલ્લેઆમ મુલાકાત કરીએ છીએ, ચોરી છૂપીથી એમઓયુ કરતા નથી



નવી દિલ્હી, તા. ૧૩:

ચીનના શાસક પક્ષ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈનાનું એક પ્રતિનિધિમંડળ મંગળવારે અહીં આરએસએસના મહાસચિવ દત્તાત્રેય હોસાબલેને મળ્યું હતું. એમ સૂત્રોએ જણાવ્યું હતું. ચીની પ્રતિનિધિમંડળ સવારે ૧૧ વાગ્યે આરએસએસના સેકન્ડ-ઈન-કમાન્ડને તેમના કાર્યાલયમાં મળ્યું હતું અને આ મુલાકાત લગભગ એક કલાક ચાલી હતી. એમ સૂત્રોએ જણાવ્યું હતું. આગલા દિવસે તેણે ભાજપ વડામથકની મુલાકાત લીધી હતી.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ''તે તેમના દ્વારા સૌજન્ય મુલાકાત હતી. મુલાકાત માટે વિનંતી ચીની પક્ષ તરફથી આવી હતી.'' સોમવારે ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના આંતરરાષ્ટ્રીય બાબતોના ઉપમંત્રી સુન હૈયાનના નેતૃત્વમાં એક પ્રતિનિધિમંડળે અહીં ભાજપ મુખ્યાલયની મુલાકાત લીધી તેના એક દિવસ પછી આ ઘટના બની છે. બેઠક દરમિયાન પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહના નેતૃત્વમાં ભાજપ પ્રતિનિધિમંડળે 'ભાજપ અને સીપીસી વચ્ચે આંતર-પક્ષીય સંદેશાવ્યવહારને આગળ વધારવાના માધ્યમો' પર વિસ્તૃત ચર્ચા કરી હતી. સોમવારે ભાજપ કાર્યાલયની મુલાકાત લેનારા પ્રતિનિધિમંડળમાં ભારત ખાતેના ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગ પણ સામેલ હતા.

આ બેઠકોએ એક રાજકીય વિવાદ છેડ્યો હતો, જેમાં વિપક્ષી કોંગ્રેસે જમ્મુ અને કાશ્મીરની શાક્સગામ ખીણ પર બેઈજિંગના કથિત દાવાઓ છતાં ચીની પ્રતિનિધિઓ સાથે જોડાવા બદલ કેસરીયા નેતૃત્વની ટીકા કરી હતી. કોંગ્રેસે સવાલ કર્યો હતો કે શું ભાજપે મુલાકાતીઓ સાથેની વાતચીત દરમિયાન વારંવાર થતા ચીની અતિક્રમણનો મુદ્દો ઉઠાવ્યો હતો? જેના જવાબમાં સત્તારૂઢ પક્ષે પલટવાર કરતા કહ્યું હતું કે તે જે પણ કરે છે તે ખુલ્લેઆમ કરે છે અને કોંગ્રેસની જેમ છૂપી રીતે કોઈ સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કરતું નથી. કોંગ્રેસે પ્રશ્ન કર્યો હતો કે સરકારે પ્રતિનિધિમંડળ સમક્ષ ચીનની વારંવારની ઘૂસણખોરીઓનો પ્રશ્ન ઉઠાવ્યો હતો કે કેમ? ભાજપ ચીન માટે લાલ જાજમ પાથરી રહ્યું હોવાનો આક્ષેપ તેણે કર્યો હતો. બીજી તરફ, RSS ના સૂત્રોએ આ બેઠકને ચીની પ્રતિનિધિમંડળના કહેવા પર આયોજિત માત્ર એક સૌજન્ય મુલાકાત ગણાવી હતી, જેમણે સંઘના નેતૃત્વને મળવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

# ધ્રુજાવનારું બચાવકાર્ય...



એક રુંવાડા ઉભા કરી દે તેવો વિડિયો સ્વિટ્ઝર્લેન્ડથી બહાર આવ્યો છે, જેમાં એક વ્યક્તિ હિમસ્ખલન બાદ ઊંડા બરફમાં દટાયેલા સાથી સ્કીયરનો જીવ બચાવે છે.

૩૭ વર્ષીય ક્રિએટિવ ડિરેક્ટર માટ્ટીઓ ઝિલા ૧૦ જાન્યુઆરીના રોજ એન્જલબર્ગમાં સ્કીઈંગ કરી રહ્યા હતા, ત્યારે તેમણે દૂર બરફમાંથી બહાર નીકળેલો એક હાથ જોયો. એક વ્યક્તિ સંપૂર્ણપણે બરફ નીચે દટાયેલી છે તે સમજાતા જ, માટ્ટીઓ તરત જ તેની તરફ દોડ્યા અને પોતાની હિમસ્ખલન તાલીમનો ઉપયોગ કરીને ઝડપથી બરફ હટાવવાનું શરૂ કર્યું. જ્યારે માટ્ટીઓ ઊંડા બરફમાં થઈને ફસાયેલા સ્કીયર તરફ આગળ વધી રહ્યા હતા, ત્યારે તેઓ બૂમ પાડીને કહી રહ્યા હતા, 'હું આવી રહ્યો છું, બધું બરાબર છે!' વીડિયોમાં દટાયેલા વ્યક્તિનો હાથ સપાટી પર હલતો જોઈ શકાય છે. તેમણે સૌથી પહેલા તે વ્યક્તિના ચહેરા પરથી બરફ હટાવ્યો જેથી તે શ્વાસ લઈ શકે અને ત્યારબાદ તેને સંપૂર્ણપણે બહાર કાઢવા માટે ખોદવાનું ચાલુ રાખ્યું અને છેવટે તેને બચાવી લીધો હતો.